# જિલ્લા શિક્ષણાધિકારી કચેરી, સુરત

જિલ્લા સેવા સદન-૨, એ બ્લોક ત્રીજો માળ,અઠવાલાઈન્સ, સુરત

Phone No: (0261) 2662903, Fax No: 2662902, Email Id:*suratdeo@gmail.com*

ક્રમાંકઃ મકમ/૨૦૨૨ / ૭૨૦૧-૨૭ 　　　　　　　　　　　તા. ૧૨/૦૫/૨૦૨૨

પ્રતિ,

આચાર્યશ્રી,

સરકારી માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓ,

જિલ્લો-સુરત.

**વિષય :-** સરકારી માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાના મદદનીશ શિક્ષકોનો ફેરબદલી કેમ્પ યોજવા બાબત.

**સંદર્ભ:-** (૧) કમિ.શ્રી શાળાઓની કચેરીનો પત્ર ક્રમાંક-૪૯/મકમ /મ -૯/૨૦૨૨/ ૩૭૭૦-૩૮૦૩

(૨) અત્રેની કચેરીના પત્ર ક્રમાંક/મહેકમ/૨૦૨૨/૭૦૪૬, તા-૧૧/૦૫/૨૦૨૨

(૩) કમિ.શ્રી શાળાઓની કચેરીનો પત્ર ક્રમાંક-૪૯ /મકમ /મ-૯/૨૦૨૨/ ૩૮૨૭-૬૦, તા-૧૨/૦૫/૨૦૨૨

ઉક્ત વિષય અન્વયે સંદર્ભપત્ર-૨ મુજબની કમિશનરશ્રીની શાળાઓની કચેરી તરફથી જરૂરી સુચનાઓ અને માર્ગદર્શન મુજબ સુરત જીલ્લાની સરકારી માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓના મદદનીશ શિક્ષકોનો ફેરબદલી કેમ્પ યોજવાનું આયોજન કરવામાં આવેલ છે.

| વિગત | તારીખ | સ્થળ |
|---|---|---|
| જિલ્લાની આંતરિક બદલી | ૨૦/૦૫/૨૦૨૨ ને સવારે ૧૧:૦૦ કલાકે | વનિતાવિશ્રામ,હાઇસ્કૂલ,અઠવાલાઇન,સુરત |

સંદર્ભ-૧ અને ૨ મુજબની શરતો મુજબ ઉક્ત કેમ્પ માટે પાત્રતા ધરાવતા મદદનીશ શિક્ષકો/શિક્ષણ સહાયકોએ તા.૧૭/૦૫/૨૦૨૨નાં સાંજે ૫:૦૦ વાગ્યા સુધીમાં પરિશિષ્ટ -૧ અને પરિશિષ્ટ -૩,૪,૭ (લાગું પડતાં) ભરી અત્રેની કચેરીની મહેકમ શાખામાં જમા કરાવવાનું રહેશે.

જિલ્લાશિક્ષણાધિકારીશ્રી
સુરત, જિ.સુરત

સવિનય નકલ રવાના:

-નાયબ શિક્ષણ નિયામકશ્રી (મહેકમ), કમિશનર શાળાઓની કચેરી, ગાંધીનગર

કમિશ્નરશ્રી, શાળાઓની કચેરી
બ્લોક નં.૯, ૧ લો માળ, ડો.જીવરાજ મહેતા ભવન,
સેક્ટર ૧૦ બી,ગાંધીનગર.-૩૮૨૦૧૦

ક્રમાંક: ૪૯/મકમ/મ-૯/૨૦૨૨/3770-3803 તા. 20/૦૫/૨૦૨૨

**સમય મર્યાદા**

પ્રતિ,
જિલ્લા શિક્ષણાધિકારીશ્રી,
જિલ્લા શિક્ષણાધિકારીશ્રીની કચેરી,
જિ. તમામ.

વિષય : સરકારી માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શાળાના મદદનીશ શિક્ષકોનો ફેરબદલી કેમ્પ યોજવા બાબત.

સંદર્ભ : (૧) સા.વ વિ.નો પરિપત્ર ક્રમાંક : એમઆઈએસ- ૧૦૨૦૧૫-૫૫૬૧૯૫- ગ.૫, તા.-૦૫/૦૭/૨૦૧૭
(૨) આ કચેરીનો તા.૦૬/૦૫/૨૦૧૬ નો પત્રાંક:૪૯/મકમ/બદલી/મ-૯ /૨૦૧૬/૧૮૫૫-૮૯
(૩) શિક્ષણ વિભાગનો તા.૯/૧૨/૨૦૧૯ નો પરિપત્ર ક્રમાંક : સમશ-૧૦૨૦૧૯-૧૭૬૫-ગ.૧

શ્રીમાન,

ઉપરોક્ત વિષય અન્વયે જણાવવાનું કે, રાજયની સરકારી માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શાળાઓના શિક્ષકોની ફેરબદલી અંગે આ કચેરીને વિવિધ સ્તરેથી રજૂઆતો મળેલ છે. ઉપરોક્ત સંદર્ભ (૧) નાં પરિપત્ર અન્વયે તેમજ સંદર્ભ-૩ ના પરિપત્રની વિગતે સરકારી માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક વિભાગના મદદનિશ શિક્ષકોને આંતરિક અને જિલ્લા ફેરબદલીની તક આપવી જરૂર જણાય છે. મદદનીશ શિક્ષકોના જિલ્લા કક્ષાના બદલી કેમ્પ તથા રાજ્ય કક્ષાએ જિલ્લા ફેરબદલી કેમ્પનું આયોજન કરવાનું નક્કી કરવામાં આવે છે. જે માટે નીચે દર્શાવ્યા પ્રમાણે બદલી કેમ્પ સમયમર્યાદામાં પૂર્ણ કરવાના રહેશે.

| વિગત | આયોજન | સ્થળ |
|---|---|---|
| તમામ જિલાઓમાં આંતરિક બદલી કેમ્પ | તા.૨૧/૦૫/૨૦૨૨ શનિવાર સુધીમાં | જિલ્લા કક્ષાએ |

જિલ્લાના કેમ્પ માટેની કાર્ય પધ્ધતિ અને સૂચનાઓ અગાઉ આ કચેરીના સંદર્ભ (૨) થી તમામ જિલ્લા શિક્ષણાધિકારીશ્રીઓને મોકલવામાં આવેલ છે. સંદર્ભ દર્શિત પરિપત્રોની નીચે જણાવેલ સુચનો ધ્યાને લઈ તે મુજબ આંતરિક જિલ્લા બદલી કેમ્પ અને રાજ્ય કક્ષાની ફેરબદલી કેમ્પ નિયત કરેલ સમયમર્યાદામાં પૂર્ણ કરવામાં આવશે.

**જિલ્લા કક્ષાના બદલી કેમ્પ માટેની જરૂરી સૂચનાઓ ::-**

(૧) દરેક જીલ્લા શિક્ષણાધિકારીશ્રીએ સરકારી/RMSA અને મોડેલ સ્કૂલની તા.-૩૧/૦૫/૨૦૨૨ અંતિતની સ્થિતિએ ખાલીપડનાર જગ્યાઓની વિષયવાર યાદી તૈયાર કરવાની રહેશે. આ રીતે ખાલી જગ્યાઓની વિગત દર્શાવતા પત્રકની એક નકલ દરેક સરકારી શાળાને કેમ્પ પહેલાં મોકલી આપી દરેક કચેરીના નોટીસ બોર્ડ પર પ્રસિધ્ધ કરવાની રહેશે.

(૨) કેમ્પમાં ભાગ લેનાર તમામ શિક્ષકોનું હાજરી પત્રક નિભાવવાનું રહેશે.

(૩) મદદનીશ શિક્ષક/ શિક્ષણ સહાયકને સહાયકને પોતાના વિષયની જ ખાલી જગ્યા પર શ્રેયાનતાના આધારે પસંદગીની તક આપવાની રહેશે. **નોંધ:- બદલી માંગનાર શિક્ષણ સહાયક/ મદદનીશ**

શિક્ષકની હાલના જિલ્લામાં હાલની શાળામાં નિમણૂક તારીખના આધારે શ્રેયાનતા ગણવાની રહેશે.

(૪) આવેલ અરજીઓને વિષયવાર ધ્યાનમાં લઇ શ્રેયાનતાના આધારે અગ્રતાક્રમમાં ગોઠવવામાં આવશે. કોઇ વિષયમાં ઉમેદવારોની શ્રેયાનયાદી ન હોય તેવા કિસ્સાઓમાં નિમણૂક તારીખ ધ્યાને લેવાશે. નિમણૂક તારીખ એકસરખી હોય તેવા કિસ્સામાં જન્મતારીખને ધ્યાનમાં લઇ કેમ્પના દિવસે જેની ઉંમર વધારે હોય તેવા ઉમેદવારને પ્રથમ તક આપવાની રહેશે. જન્મ તારીખ પણ એક સરખી હોય તેવા કિસ્સાઓમાં તેમના વિષયના SSC/HSC ના છેલ્લા ત્રણ વર્ષના પરિણામોની સરેરાશ કાઢી જેનુ પરિણામ સૌથી ઊંચું હોય તેને પ્રથમ તક આપવાની રહેશે.

(૫) છેલ્લા ત્રણ વર્ષનું સરેરાશ પરિણામ ૩૦% કે તેથી ઓછુ હોય તેવા મદદનીશ શિક્ષક / શિક્ષણ સહાયકની ફેરબદલીની અરજી માન્ય રહેશે નહી.

(૬) જિલ્લા કક્ષાના આંતરિક બદલી કેમ્પમાં જે-તે વિષયના મદદનીશ શિક્ષક/શિક્ષણ સહાયકને જે-તે વિષયની ખાલી જગ્યાઓ પર જ મૂકવાના રહેશે. વિષયોમાં બાંધછોડ કરીને કોઇ બદલી કરી શકાશે નહી. ઉદાહરણ તરીકે મદદનીશ શિક્ષક/શિક્ષણ સહાયકનો નિમણૂકનો વિષય સામાજિક વિજ્ઞાન હોય તો તેમની બદલી સામાજિક વિજ્ઞાન વિષયની ખાલી જગ્યા પર જ કરી શકાશે.

(૭) ઉચ્ચતર માધ્યમિક વિભાગમાં નિમણૂંક પામેલા શિક્ષક/શિક્ષણ સહાયકની ઉચ્ચતર માધ્યમિક વિભાગમાં અને માધ્યમિક વિભાગમાં નિમણૂંક પામેલા શિક્ષક/શિક્ષણ સહાયકની માધ્યમિક વિભાગમાં જ બદલી થઈ શકશે.

(૮) શિક્ષણ સહાયક તરીકે નિમણૂક મેળવનાર મહિલા કર્મચારી તથા દિવ્યાંગ કર્મચારીએ ઓછામાં ઓછી એક વર્ષની સેવાઓ બજાવી હોય અને પુરુષ કર્મચારીએ બે વર્ષની સેવાઓ બજાવી હોય તેવા શિક્ષણ સહાયક (કર્મચારી) ફેરબદલીનો લાભ લઈ શકશે.

(૯) એકવાર કરેલ સ્થળ પસંદગી આખરી ગણાશે. કોઈપણ સંજોગોમાં ત્યારબાદ ફેરફાર થઈ શકશે નહી. સ્થળ પસંદગી કરી આ સાથેના <u>પરિશિષ્ટ-૮ મુજબનું સંમતિપત્રક</u> કેમ્પના સ્થળે ઉપસ્થિત જિલ્લા શિક્ષણાધિકારીશ્રીની કચેરીના અધિકારીને રજૂ કરવાનું રહેશે.

(૧૦) જે શિક્ષક/ શિક્ષણ સહાયક સામે કોઈ ખાતાકીય તપાસ ચાલતી હોય, ફરજમોકૂફી હેઠળ હોય કે સરકારશ્રીની/ ઉચ્ચઅધિકારીશ્રીની સૂચના અન્વયે જેઓની બદલી કરવામાં આવેલ હોય તેવા શિક્ષક/શિક્ષણ સહાયક જીલ્લા કે રાજય કક્ષાના બદલી કેમ્પમાં ભાગ લઈ શકશે નહી. આ બાબતની જિલ્લા શિક્ષણાધિકારીશ્રીએ કાળજી લેવી.

(૧૧) જિલ્લા શિક્ષણાધિકારી કચેરીની મહેકમ શાખાએ આ સાથે સામેલ પરિશિષ્ટ-૧ મુજબના પત્રકમાં ઉમેદવારે રજૂ કરેલ અરજીની તેની સેવાપોથી સાથે ચકાસણી કરવાની રહેશે અને ઉમેદવારે દર્શાવેલી વિગતો સાચી હોવા અંગેનું પ્રમાણપત્ર પરિશિષ્ટ-૩ મુજબ મહેકમ શાખાએ આપવાનું રહેશે. જો તેમાં કોઈ વિસંગતતા હોય તો તે પરિશિષ્ટ-૧ માં જેતે વિગતની સામે <u>લાલપેનથી</u> સુધારો કરી સહી કરવાની રહેશે.

(૧૨) જિલ્લાના આંતરિક ફેરબદલી કેમ્પનું આયોજન અત્રેની કચેરીના <u>ઈ.મેલ</u> પર અચૂક મોકલવું.

(૧૩) ઉમેદવારે ફેરબદલી કેમ્પમાં સ્વખર્ચે ઉપસ્થિત રહેવાનું થશે.

આવેલ અરજીઓને પ્રથમ વિષયવાર ગોઠવવામાં આવશે, ત્યારબાદ નીચે જણાવ્યા મુજબ અગ્રતાક્રમમાં ગોઠવવામાં આવશે.

૧)વિધવા ૨)અપંગ ૩)શિક્ષક દંપતિ ૪)સરકારી દંપતિ ૫)ગંભીર બિમારી

**ક) વિધવા** – વિધવા શિક્ષિકાએ વિધવા હોવા બાબતનું તેમજ કેમ્પની તારીખે પુનઃ લગ્ન કરેલ નથી તે મુજબનું સોગંદનામું તથા પતિના મૃત્યુનો દાખલો રજૂ કરવાનો રહેશે.

**ખ) દિવ્યાંગ** – દિવ્યાંગ શિક્ષક/શિક્ષિકાએ દિવ્યાંગતાનું ૪૦% કે તેથી વધુ દિવ્યાંગતા અંગેનું સિવિલ સર્જનનું પ્રમાણપત્ર રજૂ કરવાનું રહેશે.

**ગ) શિક્ષક દંપતિ**- રાજ્ય કક્ષાના ફેરબદલી કેમ્પનો લાભ લેનાર ઉમેદવારનાં પતિ/પત્નિ બન્ને જે શાળામાં નોકરી કરતા હોય તેનું તે મતલબનું સામેલ પરિશિષ્ટ-૪ મુજબનું પ્રમાણપત્ર રજુ કરવાનું રહેશે.

**ઘ) સરકારી દંપતિ**- સરકારી દંપતિના કિસ્સામાં પતિ અથવા પત્ની જે સરકારી કચેરીમાં ફરજ બજાવતા હોય તે સંસ્થાના વડાનું <u>પરિશિષ્ટ-૭</u> મુજબનું પ્રમાણપત્ર રજુ કરવાનું રહેશે.

➢ **<u>તબીબી કારણોસર કરવાની બદલીઓ :-</u>**

i. મદદનીશ શિક્ષક/ શિક્ષણ સહાયક પોતે અથવા તેમના પતિ કે પત્ની કે તેમના સંતાનોને નીચે જણાવેલ અસાધ્ય રોગો ધ્યાને લેવામાં આવશે.

- કેન્સર
- હૃદય રોગ જેમાં બાયપાસ સર્જરી અને હૃદયના વાલ્વની બિમારીનો સમાવેશ થશે.
- મુત્રપિંડની બિમારીની ગંભીર સમસ્યા
- એઈડ્સ

ii. ઉપર્યુક્ત બાબતે સિવિલ સર્જનનું પ્રમાણપત્ર ઉપરાંત શિક્ષકે બિમારી સબબ લીધેલ રજાઓના પુરાવા, દવાના પ્રિસ્ક્રીપ્શન અને દવાના બિલો તથા મેડિકલ ચેકઅપ અંગેનો રીપોર્ટ રજૂ કરવાનો રહેશે.

**ખાસ નોંધઃ**– ઉપરોક્ત અગ્રતાક્રમ પૈકી કોઈ પણ એક કિસ્સામાં લાભ આપી શકાશે.

બિડાણ :- ઉપર મુજબ

(ડો.બહાદુરસિંહ સોલંકી)
નાયબ શિક્ષણ નિયામક
(મહેકમ)
ગુ.રા.,ગાંધીનગર

## પરિશિષ્ટ--૧

## -:: જિલ્લા કક્ષાના ફેરબદલી કેમ્પ માટેની અરજીનો નમૂનો ::-

૧) ઉમેદવારનું પૂરું નામ :- ______________________

મોબાઈલ નંબર :- ______________________

૨) હાલનું રહેઠાણનું પૂરું સરનામું :- ______________________

______________________

3) મૂળ વતનનું પૂરું સરનામું :-
(સેવાપોથીના આધારે) :- ______________________

______________________

૪) હાલ કામ કરતા હોય તે શાળાનું નામ અને સરનામું :- ______________________

૫) મૂળ નિમણૂકની શાળાનું નામ અને સરનામૂ :- ______________________

૬) હાલ કામ કરતા હોય તે વિભાગ :- માધ્યમિક ____ .ઉચ્ચત્તર માધ્ય ____ (✓ની નિશાની કરવી)

૭) પ્રથમ નિમણૂંક તારીખ :- ____________

૮) જન્મતારીખ :- ____________

૯) શૈક્ષણિક લાયકાત :- ____________

૧૦) નિમણૂક વિષય :- ____________

૧૧) કયા વિષય શીખવો છો ? ૧ ____________ ૨ ____________ 3 ____________

નોંધ : વધુ તાસ લેતા હોય તે પ્રથમ લખવા.

| ક્રમ | શૈક્ષણિક લાયકાત | લાયકાતનું નામ | વિષય |
|---|---|---|---|
| ૧ | સ્નાતક | | |
| ૨ | અનુસ્નાતક | | |
| 3 | B.ED | | |
| ૪ | અન્ય | | |

૧૨) કઈ કેટેગરીમાં અગ્રતા મેળવવા માંગો છો ? (વિધવા/અપંગ/શિક્ષક દંપતિ/સરકારી દંપતિ/

વાલ્મિકિ/ગંભીર બિમારી)____________________ (ઉપર દર્શાવ્યામાંથી કોઈપણ એક લાગુ પડતુ હોય તો જ જણાવવું)

૧૩) અગાઉ કોઈ બદલી કેમ્પનો લાભ લીધેલ છે કે કેમ ? હા/ના_____

જો હા તો ક્યારે ? જણાવો _____

૧૪) અગાઉ થયેલ બદલી સમયે કોઇ પણ પ્રકારની અગ્રતાનો લાભ મેળવેલ છે કે કેમ ? _____ (હા/ના)

૧૫) અગાઉ થયેલ બદલી મેં પાછળથી રદ કરાવેલ છે કે કેમ ? હા/ના _____

૧૬) કુલ શૈક્ષણિક અનુભવ :- વર્ષ_____ માસ - _____ દિવસ - _____

૧૭) હાલની શાળામાં શૈક્ષણિક અનુભવ :- વર્ષ_____ માસ - _____ દિવસ - _____

૧૮) છેલ્લા ત્રણ વર્ષનું (નિમણૂક/ભણાવતા) પોતાના વિષયનું પરિણામ :-

| ક્રમ | વર્ષ | SSC/HSC | વિષય | વિષયના પરિણામના ટકા |
|---|---|---|---|---|
| ૧ | | | | |
| ૨ | | | | |
| ૩ | | | | |

આથી ____________________ હું શિક્ષણ સહાયક/ મદદનીશ શિક્ષક જાહેર કરું છું કે મેં ઉપર જણાવેલ તમામ માહિતી સાચી છે. ભવિષ્યમાં તે ક્યારેય ખોટી સાબીત થશે તો આ અરજીના આધારે થયેલ મારી બદલી રદ થવાને પાત્ર ઠરશે અને મારા વિરૂધ્ધ ગુજરાત રાજય સેવા શિસ્ત અને અપિલના નિયમો-૧૯૭૧ હેઠળ જે કોઈ કાર્યવાહી કરવામાં આવશે તે મને બંધનકર્તા રહેશે તેની આથી હુ બાંહેધરી આપુ છું.

તારીખ ______________ સહી

સ્થળ ______________ મદદનીશ શિક્ષક/શિક્ષણ સહાયક

સહી/સિક્કા

આચાર્યશ્રી,

સરકારી માધ્યમિક શાળા/ ઉચ્ચત્તર માધ્યમિક શાળા

## –:: પરિશિષ્ટ-૩ ::–

## –:: પરિશિષ્ટ-૧/૨ સાથે આપવાનું પ્રમાણપત્ર ::–

આથી હું ____________________ આચાર્ય __________________ શાળા પ્રમાણપત્ર આપું છું કે, શ્રી __________________ અમારી શાળામાં તારીખ__________ થી ફરજ બજાવે છે. તેઓએ રજૂ કરેલ માહિતી સાચી હોવા બાબતે રેકર્ડ પરથી મેં જાતે ખરાઈ કરેલ છે. તેમજ તેઓ સામે કોઈ ખાતાકીય તપાસ ચાલુ નથી. જે બદલ આ પ્રમાણપત્ર આપું છું.

તારીખ ____________

સ્થળ _________________ (આચાર્યશ્રીના સહી/ સિક્કા)

## –:: જિલ્લા શિક્ષણાધિકારીશ્રીએ આપવાનું પ્રમાણપત્ર ::–

આથી પ્રમાણપત્ર આપવામાં આવે છે કે, શ્રી____________________________ જિલ્લા શિક્ષણાધિકારીની કચેરી, __________ના તાબા હેઠળની______________________ શાળામાં ફરજ બજાવે છે. તેઓએ રજૂ કરેલ માહિતીની કચેરીના રેકર્ડ સાથે ચકાસણી કરતાં તે માહિતી સાચી છે. તેઓ વિરુધ્ધ ખાતાકીય તપાસની કોઈ કાર્યવાહી ચાલુ નથી.

તારીખ ______________

સ્થળ _______________

સહી/–
જિલ્લા શિક્ષણાધિકારી
જિલ્લો

## –:: પરિશિષ્ટ- ૪ ::–

## –:: શિક્ષક દંપતિ તરીકે અગ્રતાનો લાભ મેળવવાના કિસ્સામાં આપવાનું પ્રમાણપત્ર ::–

(રાજ્ય કક્ષાના સરકારી શિક્ષક ફેરબદલી કેમ્પમાં ઉમેદવારી નોંધાવેલ મદદનીશ શિક્ષક/ શિક્ષણ સહાયકના પતિ/પત્નિ સરકારી માધ્યમિક / ઉ.મા. શાળામાં મદદનિશ શિક્ષક / શિક્ષણ સહાયક તરીકે ફરજ બજાવતા હોય તેમણે અગ્રતાનો લાભ લેવાની જરૂરિયાતનાં ભાગ રૂપે રજૂ કરવાનું પ્રમાણપત્ર)

આથી હું ____________________ આચાર્ય ________________ શાળા પ્રમાણપત્ર આપું છું કે, શ્રી ________________ અમારી શાળામાં તારીખ__________ થી સરકારશ્રીની સીધી પગાર યોજના હેઠળ મળતાં પગારથી પૂર્ણ સમયનાં મદદનીશ શિક્ષક / શિક્ષણ સહાયક તરીકે ફરજ બજાવે છે. તેમના પતિ/ પત્નિએ રાજ્ય કક્ષાના સરકારી શિક્ષક ફેરબદલી કેમ્પમાં ઉમેદવારી નોંધાવેલ હોઈ, અગ્રતાનો લાભ લેવાની જરૂરિયાતનાં ભાગ રૂપે આ પ્રમાણપત્ર આપવામાં આવે છે.

તારીખ ____________

સ્થળ ____________

(સરકારી માધ્યમિક/ ઉ.મા. શાળાના
આચાર્યશ્રીના સહી/ સિક્કા)

## –:: જિલ્લા શિક્ષણાધિકારીશ્રીએ આપવાનું પ્રમાણપત્ર ::–

આથી પ્રમાણપત્ર આપું છું, કે શ્રી ________________________ જિલ્લા શિક્ષણાધિકારીની કચેરી,____________ ના તાબા હેઠળની ________________ શાળામાં સરકારશ્રીની સીધી પગાર યોજના હેઠળ મળતાં પગારથી પૂર્ણ સમયનાં મદદનીશ શિક્ષક / શિક્ષણ સહાયક તરીકે ફરજ બજાવે છે. તેમનાં પતિ/ પત્નિએ રાજ્યકક્ષાનાં શિક્ષક ફેરબદલી કેમ્પમાં ઉમેદવારી નોંધાયેલ હોઈ, અગ્રતાનો લાભ લેવાની જરૂરિયાતનાં ભાગરૂપે આ પ્રમાણપત્ર આપવામાં આવે છે.

તારીખ ____________

સ્થળ ____________

સહી/–
જિલ્લા શિક્ષણાધિકારી
જિલ્લો

## –:: પરિશિષ્ટ - ૭ ::–

### –:: સરકારી દંપતિના કિસ્સામાં આપવાનું પ્રમાણપત્ર ::–

(રાજ્ય કક્ષાના સરકારી શિક્ષક ફેરબદલી કેમ્પમાં ઉમેદવારી નોંધાવેલ મદદનીશ શિક્ષક/ શિક્ષણ સહાયકના પતિ/પત્નિ સરકારી કચેરીમાં અધિકારી/કર્મચારી તરીકે ફરજ બજાવતા હોય તેમણે અગ્રતાનો લાભ લેવાની જરૂરિયાતનાં ભાગ રૂપે રજૂ કરવાનું પ્રમાણપત્ર)

આથી (નામ) ______________________________ હોદ્દો _________________ તરીકે (કચેરી/સંસ્થાનું નામ) _________________________ ખાતે તારીખ _______________ થી ફરજ બજાવે છે. જેઓની નિમણૂક સરકારશ્રીની સીધી પગાર યોજના અંતર્ગત કાયમી અને નિયમિત પગારદાર અધિકારીશ્રી/કર્મચારીશ્રી તરીકેની છે. તેઓની નિમણૂક પ્રવાસી, હંગામી, કરાર આધારીત નથી. તેમનાં પતિ/ પત્નિએ રાજ્યકક્ષાનાં શિક્ષક ફેરબદલી કેમ્પમાં ઉમેદવારી નોંધાયેલ હોઈ, અગ્રતાનો લાભ લેવાની જરૂરિયાતનાં ભાગરૂપે આ પ્રમાણપત્ર આપવામાં આવે છે.

તારીખ _______________

સ્થળ _______________

(કચેરીના વડા/ સક્ષમ અધિકારી (વર્ગ-૧)ના
સહી/ સિક્કા)

નોંધ :- ઉપર મુજબનું પ્રમાણપત્ર બદલીનો લાભ લેવા ઇચ્છતા મદદનીશ શિક્ષક / શિક્ષણ સહાયકના પતિ/ પત્નિની સંસ્થાના વડા તરફથી મેળવી રજુ કરવાનું રહેશે. પવાસી કે કરાર આધારિત નિમણૂકના કિસ્સામાં પ્રમાણપત્ર આપી શકાશે નહિં.

# -:: પરિશિષ્ટ -૮::-

## સંમતિનું પ્રમાણપત્ર

આથી હું______________________ મદદનીશ શિક્ષક/ શિક્ષણ સહાયક........................................ શાળા તારીખ ____________ના રોજ યોજાયેલ રાજ્ય કક્ષાના જિલ્લા બદલી કેમ્પમાં જાતે ઉપસ્થિત રહેલ છું. અને શુદ્ધબુદ્ધિથી સભાનતાપૂર્વક ............................................... શાળામાં બદલી કરવા સ્થળની પસંદગી કરેલ છે તે મુજબ મને બદલી હુકમ આપવા વિનંતિ છે. મેં આપેલ માહિતી ભવિષ્યમાં ખોટી ઠરશે તો થયેલ બદલી રદ કરવામાં આવશે તથા જે તે સમયે પ્રવર્તમાન નિયમો/જોગવાઇ અનુસાર મારી સામે શિસ્ત વિષયક કાર્યવાહી પણ થઇ શકશે તે બાબતથી હું વાકેફ છું અને તે ધ્યાને રાખી મારી સંમતિ આપુ છું.

ઉમેદવારનું પૂરૂં નામ :- ______________________

હાલની શાળાનું પૂરૂં નામ/સરનામું :- ______________________

પ્રથમ નિમણૂંક શાળાનું પૂરૂં નામ/સરનામું :- .______________________________

સહી :-______________

તારીખ :-______________

<u>મારી રૂબરૂમાં</u>

.______________________________કચેરીના અધિકૃત અધિકારીશ્રીની સહી __________

નામ :-__________________________

તારીખ :-________________